BUSINESS મિત્ર

નિફ્ટીમાં છ વર્ષમાં સૌથી મોટો ચાર સપ્તાહનો ઉછાળો

એક મહિનામાં નિફ્ટી 14 ટકા ઉછળી 25,800ના સ્તરે, છ મહિનાની નવી ઊંચાઇ બનાવી: બેન્ક અને ઓટો સેક્ટરમાં સૌથી વધુ તેજી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: ભારતીય શેરબજારમાં છેલ્લા ચાર સપ્તાહથી સતત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતો અને સ્થાનિક રોકાણકારોની સતત ખરીદીને પગલે નિફ્ટીમાં છેલ્લા છ વર્ષનો સૌથી મોટો ચાર સપ્તાહનો ઉછાળો નોંધાયો છે. છેલ્લા એક મહિનામાં નિફ્ટી અંદાજે 14 ટકા વધીને 25,800ના સ્તરની નજીક પહોંચી ગયો છે, જે છેલ્લા છ મહિનાની ઊંચી સપાટી છે. બીજી તરફ સેન્સેક્સમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

બજારમાં આ તેજી પાછળ બેન્કિંગ, ઓટો, હેલ્થકેર અને અન્ય અગ્રણી ક્ષેત્રોની કંપનીઓના શેરોમાં થયેલી ખરીદીનો મોટો ફાળો રહ્યો છે. ખાસ કરીને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, મારૂતિ સુઝુકી અને મેક્સ હેલ્થકેરના શેરોએ શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. બેન્કિંગ ક્ષેત્રમાં સુધારા સાથે ઓટોમોબાઇલ અને હેલ્થકેર શેરોમાં પણ રોકાણકારોનો રસ વધ્યો છે.

સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં તેજી જળવાઈ રહી હતી. બીએસ સેન્સેક્સ 897.96 પોઇન્ટ એટલે કે 1.08 ટકા વધીને 83,919.71ના સ્તરે બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન સેન્સેક્સમાં મજબૂત ખરીદી જોવા મળી હતી. બજારમાં વધતા વિશ્વાસને પગલે રોકાણકારોની સંપત્તિમાં પણ વધારો થયો હતો.

નિફ્ટી પણ સતત નવી ઊંચાઈ તરફ આગળ વધી રહ્યો છે. ચાર સપ્તાહની સતત તેજીએ બજારના સેન્ટિમેન્ટમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. ખાસ કરીને અગાઉના ઘટાડા બાદ બજારમાં પાછી આવેલી ખરીદી સૂચવે છે કે રોકાણકારો ફરીથી ઇક્વિટી માર્કેટ તરફ વળી રહ્યા છે.

બજારની તેજીમાં બેન્કિંગ શેરોનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. એસબીઆઈ સહિત અગ્રણી બેન્કોના શેરોમાં ખરીદી જોવા મળી છે. આ ઉપરાંત મારુતિ સુઝુકી અને અન્ય ઓટોમોબાઇલ કંપનીઓના શેરોમાં પણ સારો દેખાવ નોંધાયો છે. મેક્સ હેલ્થકેર સહિત હેલ્થકેર ક્ષેત્રની કંપનીઓમાં રોકાણકારોની ખરીદીએ બજારને ટેકો આપ્યો છે.

નિફ્ટીના ટોપ ગેઇનર્સમાં કોટક બેન્ક, એચડીએફસી બેન્ક, મારુતિ સુઝુકી, અલ્ટ્રાટેક સિમેન્ટ અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ થયો હતો. જ્યારે ટાઇટન, ટાટા સ્ટીલ, એનટીપીસી, હિન્દ યુનિલિવર અને સન ફાર્માના શેરોમાં ઘટાડો નોંધાયો હતો. છેલ્લા ચાર સપ્તાહની તેજીથી શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. જોકે, બજાર સતત ઊંચા સ્તરે પહોંચતું હોવાથી આગામી દિવસોમાં નફારૂપી વેચવાલીનું દબાણ પણ જોવા મળી શકે છે. વૈશ્વિક બજારોની ચાલ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની પ્રવૃત્તિ અને સ્થાનિક આર્થિક સ્થિતિ બજારની આગામી દિશા નક્કી કરવામાં મહત્ત્વની રહેશે.

રોકાણકારો માટે હાલની તેજી ઉત્સાહજનક છે, પરંતુ ઊંચા વેલ્યુએશનને ધ્યાનમાં રાખીને પસંદગીના શેરોમાં જ સાવચેતીપૂર્વક રોકાણ કરવું જરૂરી બનશે. ચાર સપ્તાહની આ તેજી ભારતીય શેરબજારની મજબૂત પુનરાગમન ક્ષમતા દર્શાવે છે.

શેરબજારમાં એફઆઇઆઇની વિક્રમી ખરીદી

મુંબઇ, તા. 21 : ભારતીય શેરબજારમાં ચોથી સતત સપ્તાહમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. આ જુલાઇ પછીનો સૌથી લાંબી સાપ્તાહિક રેલી રહી હતી અને છેલ્લા છ વર્ષમાં સૌથી મોટો ચાર સપ્તાહનો વધારો છે. સુચકાંકો નવ મહિનામાં તેમના સર્વોચ્ચ સ્તરે બંધ થયા. આ પાછળના અનેક કારણોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા રેકોર્ડ ખરીદી, યુએસ-ઇરાન તણાવ ઘટાડવાની આશા વચ્ચે ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો અને રૂપિયા સાત મહિનામાં સૌથી ઉંચા સ્તરે પહોંચ્યો. બેન્કીંગ અને નાણાકીય શેરોએ આ રેલીમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગત અઠવાડિયામાં, પીએસયુ બેંકો આ રેલીમાં આગેવાની કરી. અઠવાડિયા દરમિયાન, નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ 6.72 ટકા વધ્યો. પછી નિફ્ટી બેંક અને નિફ્ટી પ્રાઇવેટ બેંક સૂચકાંકો આવ્યા, જેમણે અનુક્રમે 5.9 ટકા અને 5.65 ટકાનો વધારો નોંધાવ્યો. નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ અને નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સ પણ અનુક્રમે 3.65 ટકા અને 3.63 ટકા વધ્યા. બીજી તરફ, ધાતુના સ્ટોક્સે સૌથી ખરાબ પ્રદર્શન કર્યું. નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 2.98 ટકા ઘટ્યો. તે પછી, કેપિટલ માર્કેટ -1.96 ટકા, આઇટી -1.91 ટકા, અને ઇન્ડિયા ડિફેન્સ -1.43 ટકા સૂચકાંકો હતા.

GST રજીસ્ટ્રેશન માટે અરજદારો માટેની ગાઇડલાઇન્સ... અગત્યની માર્ગદર્શિકા

GST કાયદા હેઠળ ધંધો શરૂ કરનાર દરેક વેપારીને પ્રથમ જરૂરિયાત GST નોંધણી નંબરની છે. નોંધણી નંબર વગર વેપારી ટેક્ષ ઇન્વોઇસ આપી શકતો નથી... ઇન્પૂટ ટેક્ષ ક્રેડિટનો લાભ આપી શકતો નથી ત્યારે વેપારીની અપેક્ષા હોય છે કે નોંધણી નંબર ઝડપથી અને કોઇ મુશ્કેલી વગર મંજૂર થાય પરંતુ ખુદ સરકારશ્રીએ સ્વીકાર્યું છે તેમ વ્યવહારમાં અરજદારને નોંધણી નંબર મેળવવામાં તકલીફ પડે છે ત્યારે... આ પરિસ્થિતિ ધ્યાને લઇ સેન્ટ્રલ બોર્ડ CBICએ સરકયુલર નં. 257/03/2026 GST તા. 26.10.2026નો બહાર પાડયો છે, જે તરફ એક નજર નાંખીએ તો...

કયું ફોર્મ?

GST નોંધણીની અરજી GST પોર્ટલ પર www.gst.gort.in પર ઓનલાઇન અરજી કરવાની રહે છે. પોર્ટલ પર વિકલ્પો આવેલ છે. અરજદારે પોતાના પ્રકાર મુજબ યોગ્ય વિકલ્પ પસંદ કરવાનો રહે છે અને પ્રકાર મુજબ ફોર્મ ભરવાના રહે છે. સામાન્ય કરદાતાએ (નોન રેસીડન્ટ ટેક્ષેબલ પર્સન TDS કપાત કરનાર કે ઉદારાવનાર સિવાયના) GST REG-01 ભરવાનું રહે છે. આ ફોર્મ બે ભાગમાં વહેંચાયેલું છે. part A ભરીને ટેમ્પરરી રેફરન્સ નંબર TRN મેળવવાનો રહે છે. જયારે part Bમાં વિગતવાર અરજી

કાયદાની કેડીએ...
ઈશ્વર રૂદલાલ

તમામ ખાના ફરજિયાત પૂરેપૂરા અને ચોકસાઇપૂર્વક ભરવા પાર્ટ એ ભરતી વખતે અરજદારે PAN અને લીગલ નેઇમ સાચું દર્શાવવું જરૂરી છે જે PANમાં દર્શાવેલું નામ જ હોવું જોઇએ.

અરજદાર નોંધણી સમયે જ કમ્પોઝીશન યોજના પસંદ કરવા માંગતો હોય તો તેણે કમ્પોઝીશનના વિકલ્પ 'યસ' પસંદ કરવો. તો પરિપત્રના પેરા 3, 4, 2 મુજબ અરજી સાથે લાગુ પડતી વ્યકિતએ તાજેતરનો ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહે છે. દા.ત. માલિકીના કિસ્સામાં માલિકનો.

ધંધાના સ્થળના પૂરાવા...

GST નોંધણી માટે ધંધાના સ્થળનો યોગ્ય પૂરાવો રજૂ કરવો જરૂરી છે. પોતાની માલિકીની મિલ્કત હોય તો મિલ્કત વેરાની રસીદ વિજળીનું બિલ, અન્ય માન્ય પૂરાવો આપી શકાય છે. ભાડાની મિલ્કત માટે ભાડા/લીઝ કરાર અને જરૂરી માલિકીના પૂરાવા રજૂ કરવાના રહે છે. પિતા, માતા કે અન્ય પિરવારજનની મિલ્કતમાંથી ધંધો કરવામાં આવતો હોય તો માલિકનું સંમતિપત્ર તથા માલિકીનો પુરાવો આપી નોંધણી મેળવી શકાય છે. પરિવારમાં વારસાઇ મિલકત કે સહિયારી મિલકત અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વેપારીઓ માટે અન્ય મહત્વપૂર્ણ બાબતો જોઇએ તો નિયત મુજબ નોંધાયેલ વ્યકિતએ પોતાના નામે અને પોતાના PAN પર ખોલાવેલ બેંક ખાતાની વિગતો નોંધણી નંબર મેળવ્યાના 30 દિવસમાં આપવાની રહે છે. આમ નોંધણી કરતી સમયે બેંક ખાતાની વિગતો આપવી ફરજિયાત નથી. જો કે સરકયુલરમાં સલાહ આપવામાં આવી છે કે અરજી સમય બેંક ખાતું ઉપલબ્ધ હોય તો તેની વિગતો અરજીમાં આપી દેવી. અને છેલ્લે...

GST નંબર મેળવવા નોંધણીના પ્રકાર મુજબ અલગ સમયમર્યાદા છે. જેમાં સામાન્ય અરજી (આધાર પ્રમાણીકરણ મુજબ) અધિકારીએ 7 કાર્યકારી દિવસમાં નિકાલ કરવાનો છે. જો ભૌતિક ચકાસણી જરૂરી હોય તો અરજી કર્યાના 30 દિવસની સમયમર્યાદા છે. તો... સરકયુલરના છેલ્લા પેરામાં જણાવ્યા મુજબ નોંધણીમાં બિનજરૂરી વિલંબ માટે અરજદાર સંબંધિત ઉચ્ચ અધિકારીને ફરિયાદ કરી શકે છે.

બિટકોઈન 56% તૂટીને $56,000 નીચે ઉતર્યો

યુએસ ફેડ દ્વારા 9 ડિસેમ્બરે વ્યાજ દર વધારવાની 97.9% શક્યતા વચ્ચે ક્રિપ્ટો માર્કેટમાં વેચવાલી

મુંબઈ, તા. 21: માત્ર બુલિયન માર્કેટમાં જ નહીં, પણ ક્રિપ્ટો માર્કેટમાં પણ કોહરામ મચ્યો છે. બિટકોઈન $56,000ની નીચે ઉતરી ગયો છે અને તે $12.6 મિલિયનના રેકોર્ડ ઊંચાઈથી ઘટીને $56,000ની નીચે આવી ગયું છે. જે લગભગ 56 ટકાનો ઘટાડો દર્શાવે છે. માર્કેટ કેપની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મોટો ક્રિપ્ટો બિટકોઈનમાં વેચવાલી હાવી રહી હતી જુલાઈ પછી પહેલી વાર તે $60,000થી નીચે આવી ગયો. CoinMarketCap પર તેની કિંમત $56,000થી નીચે આવી ગઈ. બિટકોઈનના ભાવમાં આ ઘટાડો એવા સમયે થયો છે જ્યારે અમેરિકનો ફુગાવામાં ઘટાડો થવાની અપેક્ષા રાખી રહ્યા છે. સામાન્ય રીતે, ફુગાવામાં ઘટાડો થવાની અપેક્ષા જોખમી સંપત્તિઓ માટે હકારાત્મક માનવામાં આવે છે, પરંતુ આ વખતે તેની બિટકોઈનના ભાવ પર કોઈ ખાસ અસર થઈ નથી.

CME FedWatchના ડેટા અનુસાર, વેપારીઓને હજુ પણ 97.9 ટકા શક્યતા લાગે છે કે યુએસ સેન્ટ્રલ બેંક, ફેડરલ રિઝર્વ, 9 ડિસેમ્બરે વ્યાજ દરમાં વધારો કરશે. જોકે, આ વધારો 50 bps અથવા 0.50 ટકા પોઈન્ટનો થશે તેવી અપેક્ષા હવે દૂર થઈ ગઈ છે. એક અઠવાડિયા પહેલા, વેપારીઓ આ મોટા વધારાની 11.5 ટકા શક્યતા જોઈ રહ્યા હતા.

2027ના અંત સુધીમાં બ્રેન્ટ ક્રૂડ ઘટીને $70 સુધી પહોંચવાનો અંદાજ

બિન-OPEC+ દેશોમાં ઉત્પાદન વધવા અને ચીનની નબળી માંગને કારણે ભાવમાં રાહત મળવાની શક્યતા

મુંબઈ, તા. 21: 2027ના અંત સુધીમાં ક્રુડ ઓઈલના ભાવમાં થોડી રાહત જોવા મળશે અને બ્રેન્ટ ક્રૂડ $70 પ્રતિ બેરલ સુધી પહોંચશે તેવું JM ફાઇનાન્શિયલનું અનુમાન છે. આ જ દિશામાં ગોલ્ડમેન સેક્સનો અંદાજ છે કે ક્રુડના ભાવ $78 સુધી જશે.

બે મુખ્ય પરિબળો વૈશ્વિક ક્રુડ ઓઈલના ભાવને અસર કરી રહ્યા છે. એક તરફ, પુરવઠો વધવાની ધારણા છે, જ્યારે બીજી તરફ, મધ્ય પૂર્વમાં તણાવના કારણે કિંમતો ઊંચી રહી શકે છે. ત્યારે પ્રશ્ન એ છે કે શું 2027 માં ક્રુડ ઓઈલ સસ્તું થશે, અને વધુ મહત્વનું એ છે કે શું તે યુદ્ધ પહેલાના સ્તરે પાછું આવશે. આ મુદ્દા પરનો તાજેતરનો અહેવાલ JM ફાઇનાન્શિયલ તરફથી આવ્યો છે, અને ગોલ્ડમેન સૅક્સે પણ ચાર દિવસ પહેલા જ આ મુદ્દા પર અહેવાલ આપ્યો હતો.

ચાલો સમજીએ કે ઈરાનમાં તણાવ ચાલુ હોવા છતાં, આ બે મુખ્ય નાણાકીય કંપનીઓ ક્રુડ ઓઈલના ભાવમાં નરમાઈની આગાહી કરવા માટે કયા મુખ્ય પરિબળો પર આધાર રાખી રહી છે.

JM ફાઇનાન્શિયલના એક અહેવાલ મુજબ, 2027 ના અંત સુધીમાં બ્રેન્ટ ક્રુડ લગભગ $70 પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. બીજી તરફ, ગોલ્ડમેન સૅક્સનો અંદાજ છે કે આનાથી પણ વધુ હશે. યુદ્ધ શરૂ થયું તે પહેલાં, ક્રુડ ઓઈલ $67 થી $70 પ્રતિ બેરલની વચ્ચે ટ્રેડ થઈ રહ્યું હતું.

જેએમ ફાઇનાન્શિયલના મતે, હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્રમાંથી ઓઈલ ટેન્કરો પસાર થવાથી ક્રુડ ઓઈલના ભાવ યુદ્ધ પહેલાના સ્તરના લગભગ 90% પર પાછા આવી ગયા છે. નજીકના ભવિષ્યમાં યુએસ-ઈરાન કરારની શક્યતા ઓછી છે, પરંતુ અહેવાલો સૂચવે છે કે 2027ના મધ્ય સુધીમાં કોઈ મોટો કરાર થઈ શકે છે.

દરમિયાન, 2026-27ના શિયાળા દરમિયાન LNGના ભાવ ઊંચા રહી શકે છે. યુએસ અને કતારમાં વધેલી ઉત્પાદન ક્ષમતા 2027 ના બીજા ભાગમાં થોડી રાહત આપી શકે છે.

એઆઈ શેરોમાં વેચવાલીનો કરંટ, એનવીડિયા ટોપ-3ની રેસમાંથી બહાર

18 વર્ષમાં સૌથી ઝડપી સાપ્તાહિક ઘટાડો

આલ્ફાબેટ 3.44 ટ્રિલિયન ડોલર સાથે આગળ

નવી દિલ્હી, તા. 21: અમેરિકાના શેરબજારમાં એઆઈ કંપનીઓના શેરોમાં તીવ્ર વેચાણથી વિશ્વની મુખ્ય ટેક કંપનીઓની રેન્કીંગ સંપુર્ણપણે બદલાઇ ગઇ છે. વિશાળ ચિપ નિર્માતા એનવીડિયાને ભારે ઝટકો લાગ્યો છે અને હવે તે વિશ્વની ત્રણ સૌથી મુલ્યવાન કંપનીઓમાં પણ સ્થાન ધરાવતી નથી. માર્કેટ કેપની દ્રષ્ટિએ તે હવે વિશ્વની સૌથી મોટી કંપનીઓમાં ત્રીજા સ્થાનથી ચોથા સ્થાને ખસી ગયું છે. ગુગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે તેને પાર કરી દીધું છે. 5.08 ટ્રલિયન ડોલરનું માર્કેટ કેપ સાથે એપલ સૌથી મટો આઇફોન ઉત્પાદક છે, જ્યારે માઇક્રોસોફ્ટ બીજા સ્થાને છે અને 3.72 ટ્રિલિયન ડોલરનું માર્કેટ કેપ ધરાવે છે. આલ્ફાબેટનું માર્કેટ કેપ 3.44 ટ્રિલિયન અને એનવિડીયાનું 3.4 ટ્રિલિયન ડોલર છે.

ગત શનિવારે એનવિડીયાના શેર લગભગ 14 ટકા ઘટીને 125.53 ડોલર પર બંધ થયા હતા. આ સાથે એનવિડીયાના શેરો સતત સાતમા સપ્તાહે ઘટયા, જે 2008 પછીનો સૌથી લાંબો અઠવાડિયો છે. આ ઘટાડા પહેલા 2026ના મોટા ભાગ માટે એનવિડીયા વિશ્વભરમાં સૌથી વધુ માર્કેટ કેપ ધરાવતી કંપની હતી.

જોકે, એનવિડીયાના શેર એવા સમયે ઘટયા હતા જ્યારે તેમના પરિણામો શાનદાર રહ્યા છે. આ નાણાકીય વર્ષ 2027ના ત્રીજા કવાર્ટરના પરિણામ જાહેર કર્યા છે. જેમાં કંનપીએ આશરે 11580 કરોડ ડોલરની રેકોર્ડ આવક નંધાવી છે, જે વર્ષ દર વર્ષ 103 ટકા વધુ છે. કંપનીની ડેટા સેન્ટર બિઝનેસ આવક પણ આ સમયગાળામાં 110 ટકા વધીને લગભગ 10760 કરોડ સુધી પહોંચી. હવે એનવિડીયા અંદાજ છે કે ચોથા કવાર્ટરમાં તે આશરે 13000 કરોડ ડોલરની આવક હાંસલ કરી શકે છે. એનવિડીયાનું નાણાકીય વર્ષ જાન્યુઆરીના છેલ્લા રવિવારે સમ્પાત થાય છે. રોકાણકારો એઆઇ પર ભારે ખર્ચ અને ટેક કંપનીઓના ઉંચા મુલ્યાંકન વિશે ચિંતિત છે, ત્યારે એનવિડીયાના સહસ્થાપક અને સીઇઓ જેન્સન હુઆંગના રાજીનામાની અસર પડી છે. કંપનીનું મુલ્યાંકન 5.7 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું હતું અને હવે તે 3.4 ટ્રિલિયન પર પહોંચી ગયું છે.

આલ્ફાબેટને એઆઇ અને ક્લાઉડ કમ્પ્યુટીંગમાં વ્યાપક સપોર્ટ મળ્યો છે. ગુગલની પેરેન્ટ કંપનીએ ત્રીજા કવાર્ટરમાં 127.6 બિલિયન ડોલરની આવક નોંધાવી, જે વર્ષ દર વર્ષ 25 ટકાનો વધારો છે. આ દરમ્યાન ગુગલ ક્લાઉડની આવક ઉછળી થઇ અને 30.7 બિલિયન ડોલર સુધી પહોંચી ગઇ હતી.

ડિસેમ્બર સુધીમાં પ્રીમિયમ સ્માર્ટફોન 30% સુધી મોંઘા થશે

મેમરી ચિપનો ઉત્પાદન ખર્ચ 13%થી વધી 43% થતાં એપલ અને સેમસંગના ટોપ મોડેલ 2 લાખ તરફ

નવી દિલ્હી, તા. 21: માર્કેટ રિસર્ચ ફર્મ કાઉન્ટર પોઇન્ટે કહ્યું હતું કે, પ્રીમિયમ ફ્લેગશીપ સ્માર્ટફોનના ભાવ ડિસેમ્બર સુધીમાં 30 ટકા સુધી મોંઘા થઇ જશે અને મોટા ભાગની બ્રાસના સ્માર્ટફોનની કિંમત વધી જશે. મેમરી ચિપના ભાવમાં મહત્વનો વધારો થઇ જતાં પ્રીમિયમ સ્માર્ટફોન મોંઘા થશે.

કાઉન્ટ પોઇન્ટ રિસર્ચે તેના રિપોર્ટમાં કહ્યું હતું કે, થોડા વર્ષો અગાઉ એક લાખનો સ્માર્ટ ફોન ભારતમાં ખરીદનારા બહુ ઓછા હતા. જેના ભાવ વધી રહ્યા છે, જેથી સ્માર્ટફોનની કિંમત એક લાખ સામાન્ય બની ગઇ છે. ડિસેમ્બર 2026સુધીમાં આ ફોન આ ફોન 30 ટકા સુધી મોંઘાઇ થઇ જશે. સ્માર્ટફોનના કુલ ઉત્પાદન ખર્ચ પૈકી મેમરી ચિત્રનો ખર્ચ 43 ટકા થઇ જશે, તેવો અંદાજ છે. જાન્યુઆરી-માર્ચ કવાર્ટર 2025માં આ ખર્ચ માત્ર 13 ટકા હતો. ટેમ્પરરી સ્ટોરેજ સહિતના ખર્ચા વધી ગયા છે. આ ઉપરાંત, સ્પેસિફિકેશન્સ, કમ્પોનન્ટસ, પ્રોડકટ સ્ટેટેજી અંગે તેમણે ફેરવિચાર કરવો પડે તેવી સ્થિતિ થઇ ગઇ છે.

રિપોર્ટ અનુસાર ઓપો ડિવાઇસીસના ભાવમાં સૌથી વધુ 82થી 87 ટકા વધારો થયો છે. અલ્ટ્રા પ્રીમિયમ સેગમેન્ટની માર્કેટ લીડર આઇફોને પણ 20થી 22 ટકા ભાવવધારો કર્યો છે. એપલ અને સેમસંગના ટોપ મોડેલના ભાવ બે લાખ તરફ સરકવા લાગ્યા છે. આ દરમ્યાન ગુગલ તેમના સ્પેસિફિકેશન્સ દ્વારા ગ્રાહકોને આકર્ષી રહ્યા છે જે ઓછા ભાવે આ ફોન ઓફર કરી રહ્યા છે. ખાસ કરીને વર્કિંગ પ્રોફેશનલ્સ કે જેઓ લેપટોપ ઉપરાંત એકથી વધુ સ્માર્ટફોન ધરાવે છે તેમને માટે આ બાબત પણ મહત્વની બને છે. આમ, ડિસેમ્બર મહિનામાં મોટા ભાગની સ્માર્ટ ફોન કંપનીઓની કિંમતો વધી જશે.

અમેરિકી શેરબજારમાં 6 વર્ષનો સૌથી મોટો કડાકો

AI કંપનીઓમાં વેચવાલીથી નાસ્ડેક 5.28% અને ડાઉ જોન્સ 949.73 પોઇન્ટ તૂટ્યો, 2026નો તમામ નફો સાફ

મુંબઇ, તા. 21: અમેરિકી શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. એક જ સપ્તાહમાં અમેરિકી શેરબજારમાં છ વર્ષમાં થયેલા ઘટાડા કરતા વધુ તીવ્ર ઘટાડો થયો છે. આ ઘટાડો એઆઇ કંપનીઓના વ્યવસાય અને રોકાણની સંભાવનાઓ અંગે વધતી ચિંતાઓએ કારણે છે. અમેરિકી શેરબજારમાં એઆઇ કંપનીઓના શેરમાં વેચાણનું દબાણ ચાલુ છે. સપ્તાહના અંતિમ દિવસે વોલસ્ટ્રીટના ટ્રેડિંગ દરમ્યાન મુખ્ય સુચકાંકોમાં વધઘટ જોવા મળી હતી. એઆઇ કંપની એન્થ્રોપિકના શેર 7 ટકા ઘટીને 690.55 પર આવ્યા હતા. આ દરમ્યાન એસ એન્ડ પી 500 સતત છઠ્ઠા ટ્રેડિંગ સેશનમાં નીચા સ્તરે ટ્રેડ થયો હતો. 2026માં રોકાણકારોએ મેળવેલો તમામ નફો માત્ર એક જ દિવસના ઘટાડામાં ધોવાઇ ગયો હતો. આમ, શેરબજારનું કુલ માર્કેટ કેપ 6 ટ્રિલિયન ડોલર એટલે કે 560 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. નાસ્ડેક ઇન્ડેક્સ 5.28 ટકા તૂટીને 22617.73 પર બંધ રહ્યો હતો. એસ એન્ડ પી 500 ઇન્ડેક્સ 3.7 ટકા ઘટીને 6910.39 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીયલ 949.73 પોઇન્ટ 1.93 ટકા ઘટીને 48147.33 પોઇન્ટા સ્તરે બંધ રહ્યા હતા.

ખાંડની મીઠાશ જળવાઈ રહેશે, ઉત્પાદન ચાર ગણું વધ્યું

ઇથેનોલ પર પ્રતિબંધ બાદ ઘરેલું ઉપલબ્ધતા વધવાની આશા

તહેવારોની માગ વચ્ચે નવેમ્બરમાં ખાંડના ભાવ મજબૂત

નવી દિલ્હી, તા. 21 : ભારત સરકારના ઇથેનોલ ઉત્પાદન માટે ખાંડના ઉપયોગ પર પ્રતિબંધ લગાવવાના નિર્ણયને કારણે વર્તમાન ઇથેનોલ પુરવઠા વર્ષ 2027ના પ્રથમ મહિને ભારતની ખાંડ ઉત્પાદન ચાર ગણા કરતા વધુ વધી ગઇ છે.

ઇકરાના રિપોર્ટ અનુસાર 2027ના પ્રથમ હિનામાં ઘરેલું ખાંડનું ઉત્પાદન 1.3 મિલિયન મેટ્રિક ટન સુધી વધ્યું. આ એક વર્ષ પહેલા સમાન સમયગાળાની તુલનામાં નોંધપાત્ર રીતે વધુ છે, પરંતુ ઉદ્યોગના અંદાજ મુજબ વર્તમાન ખાંડ સીઝનમાં સ્ટોક સ્તરો તુલનાત્મક રીતે નીચા જ રહે છે.

અહેવાલમાં આ પણ અંદાજ છે ઇથેનોલ ઉત્પાદન માટે ખાંડના ઉપયોગ પર પ્રતિબંધ ઘરેલું બજારમાં ખાંડની ઉપલબ્ધતા વધારશે. આ ત્યારે થશે જ્યારે અગાઉના સીઝનથી વધતી ખાંડના સ્ટોક્સ ઐથિહાસિક સરેરાશથી નીચે હોવાની અપેક્ષા છે.

ઉપરાંત ખાંડ વર્ષ 2027માં નેટ ખાંડ ઉત્પાદન અંદાજે 28થી 29 મિલિયન મેટ્રિક ટન વચ્ચે હતું, જ્યારે ખાંડ વર્ષ 2026માં તે લગભગ 27.6 મિલિયન મેટ્રિક ટન હતું. ગત વર્ષમાં ખાંડ લગભગ 3 મિલિયન મેર્ટિક ટન ખાંડનો ઉપયોગ ઇથેનોલ ઉત્પાદન માટે થયો હતો.

અહેવાલ અનુસાર, અંદાજિત ઘરેલું વરાશ 28.3 મિલિયન મેટ્રિક ટનની તુનલામાં, બાકી રહેલો ખાંડ સ્ટોક 2027ના અંત સુધીમાં 3.5થી 4.5 મિલિયન મેટ્રિક ટન વચ્ચે હોવાનો અંદાજ છે.

બ્રાન્ડ વેલ્યુમાં HDFC બેન્કને પછાડી એરટેલ નંબર વન

12 વર્ષમાં પ્રથમવાર ટેલિકોમ કંપની બની દેશની સૌથી મૂલ્યવાન બ્રાન્ડ

મીશો 64% ગ્રોથ સાથે સૌથી ઝડપી વિકસતી બ્રાન્ડ, જ્યારે બ્લિન્કિટની 27માં ક્રમે નવી એન્ટ્રી

મુંબઇ, તા. 21: છેલ્લા એક વર્ષમાં ભારતની ટોચની 100 બ્રાન્ડસના કુલ મુલ્યમાં 12 ટકાનો ઘટાડો થયો છે. જેનું કારણ એ છે કે ઓટોમોબાઇ અને રિટેલ ક્ષેત્રોમાં થયેલા ફાયદ કરતા ટેકનોલોજી અને નાણાકીય સેવાઓમાં ઘટાડો વધુ હતો. કટારના 2026ના બ્રાન્ડઝેડ રેન્કીંગ અનુસાર, એરટેલ એચડીએફસી બેન્કને પાછળ છોડીને પ્રથમ વખત દેશની સૌથી મુલ્યવાન બ્રાન્ડ બની છે. આ ટોચની 100 બ્રાન્ડસનું કુલ મુલ્ય 460.3 બિલિયન ડોલર હતું. જે દેશમાં 11 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. આ દરમ્યાન એરટેલનું બ્રાન્ડ મુલ્ય 5 ટકા વધીને 43.2 બિલિયન ડોલર થયું હતુ, જ્યારે એચડીએફસી બેન્કનું 35.6 બિલિયન ડોલરના મુલ્ય સાથે બીજા ક્રમે રહ્યું. ટીસીએસ 24.1 બિલિયન ડોલરનું મુલ્ય રહ્યું હતું. 2020થી એરટેલના બ્રાન્ડ મુલ્યના 210 ટકાનો વધારો થયો છે. આ કંપનીના કનેક્ટિવિટીથી આગળ અને ડિજીટલ સેવાઓમાં વિસ્તરણને કારણે છે.

2014માં લોન્ચ થયા પછી એરટેલ આ રેન્કીગમાં ટોચ પર રહેનારી પ્રથમ ટેલિકોમ કંપની બની છે. મીશો સૌથી ઝડપથી વિકસતી બ્રાન્ડ હતી. જેની બ્રાન્ડ મુલ્ય 64 ટકા વધીને 1.9 બિલિયન ડોલર થઇ ગઇ છે.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૨૬૭૨૫
તેજાબી સોનું	૧૨૭૫૩૫
દાગીના-૨૨ કેરેટ	૧૨૦૩૯૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૨૪૧૯૦
સોનાનાં બિસ્કીટ	૧૨૬૭૨૫૦
ચાંદી (૯૯૯)	૧૫૩૯૦૦
ચાંદી સિક્કા	૧૫૫૪૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/ચાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ફ્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫